# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 23/09/2026** **Morning : 7.10 to 7.20**
**Day : WEDNESDAY** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **સંસ્કૃતિ ભુંડીયા** વાંચે છે.

---

1. **વડોદરાની મહારાજા સયાજીરાવ યુનિવર્સિટીના 75માં દિક્ષાંત સમારંભમાં રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુના હસ્તે 12 હજાર 600થી વધુ વિદ્યાર્થીઓને પદવી એનાયત થશે.**
2. **ગુજરાત સ્ટેટ ફર્ટિલાઇઝર એન્ડ કેમિકલ્સ લીમિટેડનો આજથી પાક સંરક્ષણ ઉત્પાદનોમાં પ્રવેશ થશે.**
3. **અરવલ્લીમાં માદક પદાર્થોના જથ્થો લઇ જતી કારનો પીછો કરતી પોલીસ ઉપર બે રાઉન્ડ ફાયરીંગ - આરોપીઓ ફરાર.**
4. **મ્યુનિસિપલ કમિશનર દ્વારા જામનગરના આદ્યોગિક વિસ્તારોમાં સફાઇને લઇને તપાસ હાથ ધરાઇ.**
5. **એશિયન ગેમ્સમાં આજે હોકીમાં, ભારતીય મહિલા ટીમ થાઇલેન્ડ સામે રમશે.**

---

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

હવે પછી આપ 7 વાગીને 45 મિનિટે રાષ્ટ્રીય સમાચાર સાંભળી શકશો..

# PREDIDENT M S UNI. CONVOCATION

રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુ આજે વડોદરા ખાતે મહારાજા સયાજીરાવ યુનિવર્સિટીના 75મા વાર્ષિક દીક્ષાંત સમારોહમાં હાજરી આપશે.

તેઓ બ્રહ્માકુમારીઝના અભિયાનનો પણ પ્રારંભ કરાવશે અને વડોદરા ખાતે 'ગ્લોબલ સ્પિરિચ્યુઅલ પેલેસ'નું ઉદ્ઘાટન કરશે. આ પ્રસંગે ગુજરાતના રાજ્યપાલ આચાર્ય દેવવ્રત અને મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ ઉપસ્થિત રહેશે.

## VOICE CAST: SIMPLE THAKKAR

*(વડોદરાની વિશ્વ વિખ્યાત મહારાજા સયાજીરાવ યુનિવર્સિટીના 75મા દીક્ષાંત સમારોહમાં, રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુ 12 હજાર 600થી વધુ વિદ્યાર્થીઓને પદવી એનાયત કરશે. જેમાં વાણિજ્ય ફેકલ્ટીના 6 હજાર 713 અને ટેકનોલોજી અને ઇજનેરી ફેકલ્ટીના 1 હજાર 102 વિદ્યાર્થીઓનો સમાવેશ થાય છે. સમારોહ દરમિયાન, 160 વિદ્યાર્થીઓને સ્નાતક અને અનુસ્નાતક અભ્યાસક્રમોમાં તેમની શૈક્ષણિક સિદ્ધિઓ બદલ કુલ 201 સુવર્ણ ચંદ્રકો એનાયત કરાશે. પદવીદાન કાર્યક્રમ બાદ, રાષ્ટ્રપતિ "વિશ્વ નવીકરણ માટે આધ્યાત્મિક જાગૃતિ" પ્રોજેક્ટનું પણ ઉદ્ઘાટન કરશે અને 'યુથ ફોર વિકસિત ભારત. રાષ્ટ્રનિર્માણ માટે આંતરિક શક્તિ જાગૃતિ અભિયાનનો વર્ચ્યુઅલી પ્રારંભ કરાવશે.*

*સિમ્પલ ઠક્કર આકાશવાણી સમાચાર અમદાવાદ.)*

# PAK SAMRAKSHAN ABHIYAN

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના હસ્તે આજે પાક સંરક્ષણ ઉત્પાદનોનું લોન્ચિંગ યોજાશે. ગાંધીનગર ખાતે યોજાનારા આ કાર્યક્રમમાં નાયબ મુખ્યમંત્રી, કૃષિમંત્રી પણ ઉપસ્થિત રહશે. ગુજરાત સ્ટેટ ફર્ટિલાઇઝર એન્ડ કેમિકલ્સ લીમિટેડ દ્વારા ઉત્પાદિત પાક સંરક્ષણ ઉત્પાદનનું લોન્ચિંગ કરાશે. આ નવી પહેલ સાથે જીએસએફસી પાક સંરક્ષણ ઉત્પાદનોના ક્ષેત્રમાં પ્રવેશ કરી રહ્યું છે.

# SEVA SANKALP - PM SWANIDHI

**પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી જાહેર સેવાના 25 વર્ષ પૂર્ણ કરી રહ્યા છે. તે નિમિત્તે સેવા સંકલ્પ અભિયાનની અમારી વિશેષ શ્રેણીમા આજે આપણે વાત કરીશું પીએમ સ્વનિધિ યોજના વિશે..**

## VOICEOVER: KARAN MAKAWANA

*(પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ 2020માં શરૂ કરાવેલી પ્રધાનમંત્રી સ્વનિધિ યોજના હેઠળ શેરી વિક્રેતાઓને કોઈપણ પ્રકારની બાહેંધરી વગર લોન આપવામાં આવી રહી છે. ઓગસ્ટ 2026 સુધીમાં, 78 લાખથી વધુ ફેરિયાઓને 19 હજાર 171 કરોડ રૂપિયાથી વધુની લોન પૂરી પાડવામાં આવી છે. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ જણાવ્યું કે સરકારે શેરી વિક્રેતાઓને સ્વાનિધિ ક્રેડિટ કાર્ડ આપવા માટે એક ઝુંબેશ શરૂ કરી છે.*

*બાઈટ- પીએમ મોદી*

*આ યોજનાના લાભાર્થી બિનલ પ્રજાપતિ કહ્યું કે, લોકડાઉન દરમિયાન, તેમની આર્થિક સ્થિતિ કથળી ગઈ હતી ત્યારે આ યોજના તેમના માટે આશાનું નવું કિરણ લઈને આવી..*

*બાઈટ - બિનલ પ્રજાપતિ*

*આ યોજનાએ શેરી ફેરિયાઓને આત્મનિર્ભર બનાવવાની સાથે સાથે ડિજિટલ ભારત મિશનને પણ પીઠબળ પૂરૂં પાડયું છે. કરણ મકવાણા આકાશવાણી સમાચાર અમદાવાદ)*

# ARVALLI FIRING

અરવલ્લીમાં **SOG** પોલીસે ફિલ્મી ઢબે પીછો કરી સ્કોર્પિયો કારમાંથી મોટી માત્રામાં માદક પદાર્થ ઝડપી પાડ્યો છે. ધનસુરા પોલીસ સ્ટેશન હદના નવી શીણોલ ગામની સીમમાં એસઓજીની ટીમે શંકાસ્પદ સ્કોર્પિયો કારને રોકવાનો પ્રયાસ કર્યો હતો. જોકે, કારચાલકે કાર ઉભી રાખવાને બદલે પોલીસ તરફ હંકારી હતી.

પોલીસે પીછો કરતાં કારચાલકે સરકારી વાહનને ટક્કર મારી ફાયરિંગ કરીને ફરાર થઇ ગયા હતા. કારમાંથી પોલીસે માદક પદાર્થનો જથ્થો અને મેગેઝિન, બે જીવતા કારતૂસ, બે મોબાઇલ ફોન અને અન્ય મુદ્દામાલ કબજે કર્યો હોવાનું અરવલ્લીના પોલીસ અધિક્ષક મનોહરસિંહ જાડેજાએ કહ્યું હતું.

## BYTE: MANOHARSINH JADEJA, SP ARAVALLI

# MID BREAK- NEWS- REGIONAL

આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.

ગોન્ગ મ્યુઝિક

…………………………………

# JAMNAGAR - CHECKING

જામનગરમાં શહેરને સ્વચ્છ બનાવવા મહાનગરપાલિકા કમિશનર દીપેશ કેડીયા દ્વારા સરપ્રાઈઝ ચેકિંગ કરાયું. રાત્રિ દરમિયાન હાથ ધરાયેલ આ ચેકિંગમાં શહેરના જુદા જુદા વિસ્તારોમાં ડીએમસી, એએમસી સોલિડ વેસ્ટ સહિતના અધિકારીઓ સાથે તપાસ હાથ ધરી હોવાનું મહાનગરપાલિકા કમિશનર દીપેશ કેડીયાએ જણાવ્યું.

**BYTE: DIPESH KEDIA, MUNICIPAL COMMISSIONER JAMNAGAR**

# SCHOOL CHECKING - PANCHMAHAL

પંચમહાલ જિલ્લા કલેક્ટર અજય દહિયાએ કાલોલ તાલુકાના મેદાપુર ગામની પ્રાથમિક શાળાની આકસ્મિક મુલાકાત લઈ શૈક્ષણિક કામગીરી અને વિદ્યાર્થીઓને મળતી પ્રાથમિક સુવિધાઓનું નિરીક્ષણ કર્યું.

મુલાકાત દરમિયાન કલેક્ટરે વિદ્યાર્થીઓ સાથે સીધો સંવાદ કરી તેમની શૈક્ષણિક સમજ અને અભ્યાસની પ્રગતિ અંગે જાણકારી મેળવી. તેમણે શિક્ષકો પાસેથી શૈક્ષણિક પ્રવૃત્તિઓ, વિષયવાર આયોજન અને શાળાની જરૂરિયાતોની માહિતી મેળવીને વિદ્યાર્થીઓને ગુણવત્તાસભર શિક્ષણ આપવા અને અભ્યાસ પ્રત્યે સતત પ્રોત્સાહિત કરવા જરૂરી માર્ગદર્શન આપ્યું હતું.

# CYBER CRIME MONEY RECOVERED IN AHMEDABAD RURAL

અમદાવાદના ચાંગોદરમાં એક ફાર્મા કંપનીના એકાઉન્ટન્ટ હાર્દિક પટેલ વોટ્સએપ 'બોસ કૌભાંડ' સાયબર છેતરપિંડીનો ભોગ બન્યા હતા.

ભોગ બનનારે અમદાવાદ ગ્રામીણ પોલીસમાં ફરિયાદ નોંધાવતા ગણતરીના કલાકોમાં જ તેમના **2.94** કરોડ રૂપિયાની લેવડદેવડ સ્થગિત કરી દેવાઇ હતી. તેમના ખાતામાંથી ઉપડી ગયેલા બે કરોડ **96** લાખમાંથી બે કરોડ **88** લાખ રૂપિયા રિકવર કરાયા હોવાનું પોલીસ અધિકારી તપનસિંહ ડોડિયાએ કહ્યું હતું.

## BYTE- TAPANSINH DODIA, POLICE OFFICER

# WEATHER

રાજ્યમાં આજે સવારે 6 વાગ્યે પૂરા થતાં 24 કલાકમાં 47 તાલુકામાં વરસાદ નોંધાયો છે. સૌથી વધુ 2.72 ઇંચ વરસાદ ગીર સોમનાથ જિલ્લાના ઉના તાલુકામાં થયો છે. અમરેલી, પોરબંદર અને નવસારી જિલ્લામાં પણ 2 ઈંચથી વધુ વરસાદ નોંધાયો છે. જ્યારે વલસાડ, બોટાદ, સુરત અને અરવલ્લીમાં અડધા ઇંચથી ઓછો વરસાદ નોંધાયો છે. દરમિયાન ભાવનગરના ગારીયાધાર અને મહુવામાં એક ઇંચથી વધુ વરસાદ થયો છે.

રાજ્યમાં આગામી સાત દિવસ સામાન્યથી મધ્યમ વરસાદની આગાહી કરવામાં આવી છે. રાજ્યમાં સામાન્ય કરતા સાત ટકા ઓછો વરસાદ વરસ્યો છે, ત્યારે આગામી બે થી ત્રણ દિવસમાં સૌરાષ્ટ્ર કચ્છના અમુક ભાગમાંથી ચોમાસુ વિદાય લેવાની પરિસ્થિતિ સાનુકૂળ બનશે તેવી માહિતી હવામાન વિભાગના વડા ડોક્ટર એ કે દાસે આપી હતી.

# AMBAJI MELO

શક્તિપીઠ અંબાજી ભાદરવી મેળામાં ગઈકાલે અંબાજી મંદિર ટ્રસ્ટ દ્વારા મંદિરના ચાચર ચોકમાં ડ્રોન શો યોજાયો. જેનો મોટી સંખ્યામાં ભક્તોએ લાભ લીધો.

દરમિયાન મેળાના ત્રીજા દિવસે 7 લાખ 21 હજારથી વધુ ભક્તોએ દર્શન કર્યા. જ્યારે 3 દિવસમાં કુલ 15 લાખ 85 હજારથી વધુ ભક્તોએ અંબાજી મંદિરે દર્શનનો લાભ લીધો.

# ASIAN GAMES

એશિયન ગેમ્સ હોકીમાં, ભારતીય મહિલા ટીમ આજે સવારે તેમના ત્રીજા પૂલ બી મેચમાં થાઇલેન્ડ સામે ટકરાશે. મેચ સવારે **11:30** વાગ્યે શરૂ થશે.

ગઈકાલે ક્વાર્ટર ફાઇનલમાં જાપાનને હરાવ્યા બાદ, પુરુષોની બેડમિન્ટન ટીમ આજે સેમિફાઇનલમાં ચીન સામે ટકરાશે. વુશુમાં, રોશીબીના દેવીનો સામનો મહિલા **60** કિલોગ્રામમાં સેમિફાઇનલમાં ઇન્ડોનેશિયાની ખેલાડી સામે થશે.

અન્ય સ્પર્ધામાં, ભારતીય પુરુષોની ટીમ રેગુ પ્રિલિમિનરી મેચમાં ફિલિપાઇન્સ સામે થશે. રોઇંગમાં, બલરાજ પનવાર પુરુષોની સિંગલ સ્કલ્સમાં ભાગ લેશે. સ્કીટ શૂટર્સ અનંતજીત સિંહ નારુકા, ભવતેઘ સિંહ ગિલ અને મૈરાજ અહમદ ખાન ક્વોલિફિકેશન જ્યારે મહિલા સ્કીટ ટીમ પણ ભાગ લેશે.

ભારતીય પુરુષ અને મહિલા કબડ્ડી ટીમની સાથે બોક્સિંગમાં, જદુમણિ સિંહ પુરુષોની **55** કિલોગ્રામ શ્રેણીમાં જ્યારે સાક્ષી ચૌધરી પણ પ્રી-ક્વાર્ટર ફાઇનલમાં પહોંચી ગઈ છે.

ભારતીય ખેલાડીઓ કેનો સ્પ્રિન્ટ, ફેન્સીંગ, સ્ક્વોશ, સ્વિમિંગ, ટેબલ ટેનિસ, બોક્સિંગ, અશ્વારોહણ અને સોફ્ટ ટેનિસમાં પણ ભાગ લેશે.

# SEVA SETU

રાજ્યભરમાં ચાલી રહેલા 'સેવા સંકલ્પ અભિયાન'ના ભાગરૂપે સેવાસેતુ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવી રહ્યું છે. જે અંતર્ગત કેબિનેટ મંત્રી કુંવરજી બાવળીયાના અધ્યક્ષસ્થાને રાજકોટના જસદણમાં નગરપાલિકા કક્ષાનો સેવાસેતુ કાર્યક્રમ યોજાયો.

આ પ્રસંગે બોલતા મંત્રીશ્રીએ જણાવ્યું કે, સેવાસેતુના માધ્યમથી જરૂરિયાતમંદ લોકોને વિવિધ સરકારી યોજનાઓનો લાભ રાજ્ય સરકાર દ્વારા ઘરઆંગણે જ આપવામાં આવી રહ્યો છે. વહીવટી તંત્રના માધ્યમથી એક પણ લાભાર્થી રાજ્ય કે કેન્દ્ર સરકારની યોજનાના લાભથી વંચિત ન રહે તે માટે સામે ચાલીને કામગીરી કરવામાં આવી રહી હોવાનું મંત્રીશ્રીએ ઉમેર્યું હતું.

દરમિયાન આજે રાજકોટ જિલ્લાના રતનપર, દેવળા અને કોલીથડ ગામમાં સેવાસેતુ કાર્યક્રમ યોજાશે. સંબંધિત વિસ્તારના તમામ નાગરિકોને આ સેવાસેતુ કેમ્પનો બહોળા પ્રમાણમાં લાભ લેવા રાજકોટ જિલ્લા વહીવટી તંત્ર દ્વારા અપીલ કરવામાં આવી છે.

# FOOTBALL

ગુજરાત સ્ટેટ ફૂટબોલ અસોશિએશન દ્વારા આયોજિત રિલાયન્સ કપ સીનીયર મેન્સ ઇન્ટર ડીસ્ટ્રીક ફૂટબોલ ટુર્નામેન્ટમાં અરવલ્લી, ભાવનગર, દેવભૂમિ દ્વારિકાની ટીમોએ ફાઇનલ રાઉન્ડ માટે ક્વાલિફાય કર્યું છે.

ગઇકાલે રમાયેલ ક્વાલીફાયર મેચમાં અરવલ્લીની ટીમે સુરેન્દ્રનગરને **2-1**થી, જ્યારે ભાવનગરે ભરુચને **4-1**થી મહાત આપી ફાઇનલ રાઉન્ડમાં પ્રેવેશ કર્યો હતો. આ ઉપરાંત દેવભૂમિ દ્વારિકાએ કચ્છની ટીમને **2-0**થી હરાવી ફાઇનલ રાઉન્ડમાં સ્થાન બનાવ્યુ હતું.

આજના ફાઇનલ રાઉન્ડમાં અરવલ્લી અને જામનગરની ટીમ વચ્ચે, ગાંધીનગર અને પંચમહાલની ટીમો વચ્ચે, ભાવનગર અને બરોડાની ટીમ વચ્ચે અને આખરી મેચ અમદાવાદની ટીમ અને આણંદની ટીમ વચ્ચે મુકાબલો થશે.